# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

- રાજ્ય વિધાનસભાના ચોમાસું સત્રનો આજથી પ્રારંભ - પાંચ ખરડા રજૂ કરાશે
- રાજ્યનું એસ.ટી નિગમ 10 હજારથી વધુ કર્મચારીની ભરતી કરશે.
- કૃષિમંત્રી રાઘવજી પટેલે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના 82 લાભાર્થીને 17 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કર્યું.
- **ગીર સોમનાથ જિલ્લા વહિવટીતંત્રએ 16 કરોડ રૂપિયાની કિંમતની જમીન પરથી ગેરકાયદે દબાણ હટાવ્યું.**
- દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લાઓમાં આજે ભારે વરસાદની આગાહી.

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# VIDHANSABHA SATRA

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આજથી શરૂ થઇ રહ્યું છે. પંદરમી વિધાનસભાના પાંચમુ સત્ર ત્રણ દિવસનું રહેશે.. આજે પહેલા દિવસની શરૂઆત શોકદર્શક ઠરાવો દ્વારા થશે..

ગુજરાત વિધાનસભામાં પૂર્વ ધારાસભ્યો અને અન્ય રાજકીય આગેવાનોના નિધન અંગે શોકદર્શક ઠરાવ પસાર કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે. ત્યારબાદ  સરકારી ખરડા અને સરકારી કામકાજ કરવામાં આવશે.. પહેલા દિવસે બે સત્રમાં કામગીરી કરવામાં આવશે. જ્યારે સત્રના બીજા દિવસે સરકારી ખરડા રજૂ કરાશે અને ગૃહના કામકાજના સમય દરમિયાન આ કામગીરી અને ખરડા ઉપર ચર્ચા કરવામાં આવશે. જ્યારે સત્રના ત્રીજા અને અંતિમ દિવસે સરકારી ખરડા અને સરકારી કામકાજ કરવામાં આવશે, અને સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને ગૃહનું સમાપન કરવામાં આવશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# KAMKAJ SAMITI MEETING

ગાંધીનગરમાં વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક ગઈકાલે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં મળી હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં સત્રના કામકાજની ચર્ચા કરવામાં આવી હતી..

સત્ર દરમિયાન ગૃહમાં જીએસટી સુધારા ખરડો, ગુજરાત નાર્કોટિક્સ કંટ્રોલ સુધારા ખરડો અને ગુજરાત વિશેષ અદાલત ખરડો સહિતના પાંચ ખરડા રજૂ કરાશે.

આ અંગે બૃહદ ચર્ચા ગૃહમાં થઈ શકે તેવો સમય હોય છે, ટુંકી મુદ્દતનું સત્ર હોવાના કારણે ટૂંકા પ્રશ્નો આવરી લેવાયા છે. તેમ ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.. જ્યારે વિપક્ષ કોંગ્રેસે સત્ર લંબાવવાની માંગ કરી છે.

---------------------------------------------------------------------

-પુલ, સુનિતા, નવીન

# ST BUS BHARTI

રાજ્યમાં જાહેર પરિવહન સુવિધાને વધુ સુદ્રઢ બનાવવા માટે એસ.ટી નિગમ દ્વારા 10 હજારથી વધુ ડ્રાઇવર, કન્ડક્ટર, તકનીકી કર્મચારી તથા વહીવટી કર્મચારીઓની ભરતી કરવામાં આવશે.

આ માટેની તમામ મંજૂરી પણ લેવાઇ છે. એસ.ટી નિગમે છેલ્લા દોઢ વર્ષમાં 166 કરોડ રૂપિયાના ખર્ચે નવી 2 હજાર 800 બસ મૂકી  છે. નિગમ દ્વારા 18 નવા બસ મથક-ડેપોનું પણ લોકાર્પણ કરાયું છે, જ્યારે 20 નવા બસ મથક – ડેપોનું ખાતમુહૂર્ત કરાયું છે.  નિગમે મુસાફરોને અત્યાધુનિક પરિવહન સેવા પૂરી પાડવાના ભાગરૂપે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે શરૂ કરેલી 5 આઇકોનિક એસી ડબલ ડેકર ઇલેક્ટ્રિક બસ મુસાફરો માટે આકર્ષણનું  કેન્દ્રબિંદુ બની છે.

---

- PTC-GANDHINAGAR-DURGESH MEHTA, HARSHAL PANDYA, SONAL

# SARVAGRAHI KRUSHI VYAVSAY NITI

કૃષિમંત્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના 82 લાભાર્થીઓને 17 કરોડ રૂપિયાથી વધુની સહાય વિતરણ કરાઈ.

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હેઠળ નોંધાયેલા કૃષિ ઉદ્યોગ સાહસિકોને સહાય વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો. શ્રી પટેલે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવવાથી ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અને નાણાકીય સહાય મળી તેમ જ કૃષિ ક્ષેત્રે મૂલ્યવર્ધનની તકમાં વધારો થયો છે.

મંત્રીશ્રીએ ઉંમેર્યું કે, આ નીતિ અમલમાં આવતા કૃષિ ઉદ્યોગોમાં મૂડી રોકાણોને વેગ મળ્યો અને ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે. આ નીતિના માધ્યમથી અનેક કૃષિ ઉદ્યોગો થકી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની વધુ તકનું સર્જન થઇ રહ્યું છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# Kodinar

ગીર સોમનાથ જિલ્લા વહિવટીતંત્રએ કોડિનાર તાલુકાના દેવળી ગામ ખાતે 16 કરોડ રૂપિયાની કિંમતની જમીન ખુલ્લી કરાવી.

ગીર સોમનાથના અમારા પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, આ ગૌચરની જમીન પર 10 દબાણકર્તાએ દબાણ કર્યું હતું. વહિવટીતંત્રએ કામગીરી દરમિયાન 3 લાખ 18 હજાર 731 ચોરસમીટર જમીન ખુલ્લી કરાવી દબાણ દૂર કર્યું હતું. તંત્રની આ કામગીરી હજી પણ યથાવત છે.

-----------------------------------------------------------------------

- પીટીસી, ગીર સોમનાથ, પ્રવેશ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VALSAD SPORTS CHAMPIONSHIP

વલસાડ જિલ્લામાં યોજાયેલી યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ટ્રેડિશનલ ઇવેન્ટ, આર્ટિસ્ટિક સૉલો, આર્ટિસ્ટિક પેઈર, રિધમિક પેર જેવી વિવિધ ઇવેન્ટની સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓને સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકથી સન્માનિત કરી પ્રમાણપત્ર અપાયા હતા. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓને હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશનના જનરલ સેક્રેટરીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લાકક્ષાની યોગાસન ચેમ્પિયનશિપનું આયોજન થઈ રહ્યું છે.

---------------------------------------------------------------------

-(GUJARAT INFORMATION – PRAVESH) -(NAVIN)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે તાપી, ડાંગ, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે બપોર બાદ અનેક જિલ્લામાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

સત્તાવાર આંકડા અનુસાર, ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં કુલ 97 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આમાંથી સૌથી વધારે 93 મિલીમીટર વરસાદ ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં વરસ્યો હતો. જ્યારે નવસારીના ચીખલી તાલુકામાં 78, છોટાઉદેપુરના ક્વાંટ તાલુકામાં 75 મિલીમીટર વરસાદ આવ્યો હતો.

નર્મદા જિલ્લાના અમારા પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે, ગઈકાલે મોડી સાંજે રાજપીપળા સહિત આસપાસના વિસ્તારમં ભારે વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ખેતીના પાકને જીવતદાન મળતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે, ક્વાંટ તાલુકામાં ભારે ગાજવીજ અને પવન સાથે ઝાપટું વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. ભારે પવનના કારણે સુસ્કાલ પાસે રેલવે ટ્રેક પર ઝાડ પડતાં ટ્રેનને રોકવાની પણ ફરજ પડી હતી.

રાજકોટના આજી-3 જળાશયમાં વરસાદની આવક વધતા જળાશયનો અગાઉ એક દરવાજો વધુ શૂન્ય પૂર્ણાંક એક મીટર ખોલાતા પડધરી તાલુકાના ખજૂરડી, થોરિયાળી અને મોટા ખીજડિયા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા રાજકોટ સિંચાઈ પૂર વર્તુળ એકમે જણાવ્યું છે.

---------------------------------------------------------------------

-(SEOC PRESS NOTE – RAJKOT INFORMATION DEPARTMENT -PTC – NARMADA – CHHOTA UDEPUR - PRAVESH)

-(NAVIN)

# Narmada National Unity Day

આગામી 31 ઓક્ટોબરે થનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સંદર્ભે કેન્દ્રીય ગૃહ સચિવે નર્મદા સ્થિત એકતાનગરની મુલાકાત લીધી હતી.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ દીપક જગતાપ જણાવે છે કે, મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવે એકતા પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમના સંદર્ભે વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે પ્રાથમિક સ્થળ નિરીક્ષણ કરી રાષ્ટ્રીય એકતા પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે સૂચન કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસનો કાર્યક્રમ યોજાશે.

---------------------------------------------------------------------

-પીટીસી, નર્મદા, હર્ષ -(NAVIN)

# CM SWAGAT ON LINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ આવતીકાલે 22 ઓગસ્ટની જગ્યાએ આવતા ગુરૂવારે 29 ઓગસ્ટે યોજાશે. ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના સત્રને અનુલક્ષીને સ્વાગત કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે.. નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાય છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# BHAVNAGAR–RSC

ભાવનગરના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ‘રાષ્ટ્રીય અવકાશ દિવસ’ ની ઉજવણી અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ભાવનગરથી અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, આ ઉજવણી અંતર્ગત ઇસરોના વૈજ્ઞાનિકો સાથે વાતચીત, વૈજ્ઞાનિક ચલચિત્ર પ્રદર્શન, સ્પેસ ઓરીગામી, ચિત્ર સ્પર્ધા, મોડેલ બનાવવાની સ્પર્ધા, તેમજ  હાઈડ્રો રોકેટ ઉડાડવાની રસપ્રદ પ્રવૃતિઓનો સમાવેશ કરાયો છે. સંસ્થા આ વિશેષ કાર્યક્રમમાં રસ ધરાવતાં સૌને આવકારે છે.

---------------------------------------------------------------------

**PTC-BHAVNAGAR-SURESH TRIVEDI, MITTAL, SONAL**

# Rajkot dharohar mela talim

રાજકોટના ધરોહર લોકમેળામાં આવતા માનવ મહેરામણનું નિયમન કરવાના હેતુસર જિલ્લા વહીવટી તંત્રએ તાલીમ અને માર્ગદર્શન સેમિનાર યોજ્યો હતો. 24થી 28 ઑગસ્ટ રેસકોર્સ મેદાનમાં યોજાનારા ધરોહર લોકમેળામાં ભીડ વ્યવસ્થાપન અને આપદા પ્રબંધન અંગેનું માર્ગદર્શન વિવિધ વિભાગના કર્મચારીઓને અપાયું હતું.

જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું કે, આ લોકમેળામાં અંદાજે 8 લાખથી 10 લાખની મેદની ઉમટી પડતી હોય છે. આવા સમયે દુર્ઘટના બનતી રોકવા પ્રવેશદ્વારની સંખ્યા વધારવામાં આવી છે. દુકાનોની સંખ્યા ઘટાડવામાં આવી છે. વીમાકવચની રકમ અને 108 એમ્બુલન્સની સંખ્યા પણ વધારવામાં આવી છે.

-------------------------------------------------------------------

-(ptc -rajkot – pravesh)

-(NAVIN)